# ભારતની નવરચનામાં
# મુસ્લિમોનો રચનાત્મક ફાળો

## એક તટસ્થ ઐતિહાસિક વિશ્લેષણ


**મવ.રશીદ ઈબ્રાહીમ ખાનપુરી**

*(જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર)*


# ભારતીય સંસ્કૃતિ ઉપર
# ઈસ્લામી એકતા અને સમાનતાનો પ્રભાવ


**મુફ્તી ફરીદ અહમદ કાવી**

*(જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર)*



જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

મુ.પો. જંબુસર, જિ.ભરૂચ, ગુજરાત,

પીન:૩૯૨૧૫૦, ☎ ૨૨૦૭૮૬–૨૨૦૨૮૬

ફેક્સ: ૨૨૨૬૭૭ www.jamiahjambusar.com

e mail: jamia@satyam.net.in

# ભારતની નવરચનામાં મુસ્લિમોનો રચનાત્મક ફાળો

## એક તટસ્થ ઐતિહાસિક વિશ્લેષણ

વિશ્વની વિવિધ કોમો ભિન્ન સંસ્કૃતીઓ વિશાળ જનસમુદાયમાંની ભાતભાતની જ્ઞાતિઓ અને જાતજાતની જાતિઓમાં માંહોમાંહે પ્યાર– મહોબ્બત,આદર, માનમર્યાદા, એકતા, એકરૂપતા અને સહયોગ સહ હળીમળીને રહેવાની ભાવના પૈદા કરવા માટે જરૂરી છે કે પ્રત્યેક કૌમ અન્ય કૌમની પ્રવૃત્તિ, પ્રકૃતિ, વિચારશૈલી, ધાર્મિક બાબતો, માન્યતાઓ, આદતો, અકીદાઓ, સંસ્કારો, સદ્‌ગુણોં, ભુતકાળનાં બનાવો, વર્તમાનની સેવાઓ, ઐતિહાસિક વારસો અને તેની તા'મીરી તથા ક્રાંતિકારી લાયકાતોથી ન ફકત પરિચિત જ હોય, તેને આવકારતો હોય, બિરદાવતો હોય, માનપુર્વક નિહાળતો હોય બલ્કે તેને સન્માનીય માની તેનું જતન કરતો હોય.

એટલા માટે વર્તમાન યુગે દરેક દેશમાં અન્ય દેશોની ભાષા, સભ્યતા, વિવેક, કલ્ચર, ઈતિહાસ અહિયાં સુધી કે તેમની વિદ્યાકળાઓથી માહિતગાર થવું આવશ્યક સમજવામાં આવે છે. આ માટે એક દેશથી બીજા દેશમાં કલ્ચરલ મિશન (હગીતગચબી ોયકકતયફદ) સાંસ્કૃતિક સંદેશવાહકો જાય છે ; જેઓ ત્યાંની સભ્યતા, સંસ્કૃતિ, જ્ઞાન અને કલ્ચરનો અભ્યાસ કરે છે અને પોતાના દેશની સભ્યતા, સંસ્કૃતિ, જ્ઞાન અને કલ્ચરનો તે દેશમાં પરિચય કરાવે છે. દરેક દેશમાં અન્ય દેશો સાથે સાંસ્કૃતિક સંબંધો જોડવા અને તેનાથી પરિચિત થઈ એકબીજાની સંસ્કૃતિની આપલે કરવા સાંસ્કૃતિક સંસ્થાઓ સ્થાપી તેમાં વિવિધ પ્રકારનાં વિભાગો ઊભા કરવામાં આવે છે. વળી તેનાં ઉપર છૂટા હાથે ધ્યેયલક્ષી ખર્ચ પણ કરવામાં આવે છે. આવા જ લાભદાયક અને ઉચ્ચતમ્ લક્ષના પરિપેક્ષમાં ભારત સરકારે યદમયબદ હગદહયી ।ફચ હગીતગચબી ચભીબતયફદક સાંસ્કૃતિક સહયોગ માટેની ભારતીય સંસ્થા નામક એક મહત્વની સંસ્થા ઊભી કરી છે. વળી અમુક અર્ધ સરકારી સંસ્થાઓ દા.ત. INDO-ARAB SOCIETY ઈન્ડો અરબ સોસાયટી

INDO-IRANIAN SOCIETY ઈન્ડો ઈરાનિયન સોસાયટી વગેરે પણ કાર્યરત છે. જેઓ અન્ય દેશો સાથે અને અંદરો અંદર પોતપોતાની સંસ્કૃતિનાં પ્રચાર – પ્રસાર અને આપલેનું કામ કરે છે.

આવા સંજોગોમાં જયારે વિશ્વ સમુદાયમાં અને ખુદ ભારતવાસીઓમાં છેવાડાના દેશો સાથે સાંસ્કૃતિક સંબંધો વિકસાવવાની ભાવના જોવા મળતી હોય અને અન્ય દેશોની ભાષા, સભ્યતા, સંસ્કૃતિ, આચાર વિચાર, શૈર શાઈરી, જ્ઞાન વિજ્ઞાન અને રહેણી કરણી જેવી અન્ય બાબતો જાણવાની ઉત્સુકતા જોવા મળતી હોય, વળી આંતરિક રાજકારણમાં સફળતા અને વૈશ્વિક શાંતી અને સદ્ભાવના પણ તે વડે જ પામી શકાતી હોય તો શું આ જરૂરી નથી કે એક જ દેશના રહેવાસીઓ બીજા રહેવાસીઓ (જેઓ લાખો – કરોડોની સંખ્યામાં સૈકાઓથી આ દેશમાં એક સાથે રહે છે અને જેમણે આ દેશનાં ઈતિહાસમાં અગત્યનો ભાગ ભજવ્યો છે.)નાં ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો અને તેમની આબાદકારી તથા ક્રાંતિકારી સેવાઓથી માહિતગાર થાય ? આ એક અસામાન્ય વિરોધાભાસ અને ભારતીય સંસ્કૃતિનો શુન્યાવકાશ ગણી શકાય કે અહિંયાંની વસ્તીનો એક મોટો સમૂહ બીજા મોટા સમૂહનાં સાંસ્કૃતિક વારસાથી અને તેના ઈતિહાસથી અજાણ હોય, તેની અતિમહત્વની બાબતોથી સદંતર અજ્ઞાન હોય, તેને એવી પણ ખબર ન હોય કે ભારત દેશની પ્રગતિ, ઉન્નતિ અને આઝાદી માટે કોણે કેટલો ભોગ અને કેટલા બલિદાનો આપ્યા અને આ દેશનાં વિકાસ કાજે કોણે કેટલા પ્રયત્નો કરી પોતાનો સિંહફાળો નોંધાવ્યો ? તે કોમની હદયભાવનાઓ અને આશાઓ શું હતી ? તેની જીવન યાતનાઓ અને પ્રાણ પ્રશ્નો શું છે ? વર્તમાન યુગે તેની સમસ્યાઓ અને વિમાસણો કયા પ્રકારની છે ? સૈકાઓના સહવાસ અને શરીરનાં અંગોની જેમ એકમેકથી સંકળાએલા હોવા છતાં એક બીજાથી આટલી બધી અજાણતા અને અજ્ઞાનતા ? આ એક એવો શુન્યાવકાશ છે જેને ગંભીરતાથી લઈ ગંભીરપણે અને સહન શીલતા પૂર્વક દૂર કરવાનાં પ્રયાસો આદરવા જોઈએ. ભારત દેશમાં વિવિધતામાં એકતા અને અનેક રૂપતામાં એકરૂપતા પૈદા કરવાનાં પ્રયાસો (જે ભાઈચારો, વિશ્વાસ અને સર્વાંગી વિકાસ તથા સામુહિક ઉન્નતિનાં ધ્યેયને આંબવાની ચાવીઓ છે) ત્યાં સુધી સફળ નથી થઈ શકતા જયાં સુધી આપણે દશેની પ્રગતિ – પ્રસિધ્ધિમાં એકબીજા દ્વારા દેશને પહોંચી

શકતા લાભો, ભુતકાળ, વર્તમાન અને ભવિષ્યમાં તેની મહત્વતા અને તેની મદદ વડે પ્રાપ્ત થનાર પ્રગતિની શકયતાઓને સમજી ન શકયા હોય.

આ વાત ફકત અભણતા, અજ્ઞાનતા સુધી જ સિમિત નથી, વધુ ભયંકર અને અઘાતજનક બાબત  આ છે કે આપણા દેશમાં એક આખી કૌમની સંસ્કૃતિ અને ઈતિહાસ, તેના ભુતકાળનાં ભોગો અને દેશની આઝાદી માટેની ચળવળમાં ભજવેલ અગત્યની ભુમિકા અને મહત્વંત બલિદાનોને ભૂલી જવાનો બલ્કે નકારી કાઢવાનો વ્યૂહ રચાઈ રહયો છે. ભારતના ઈતિહાસને એવી રીતે રજૂ કરવાનો વ્યવસ્થિત પ્લાન ઘડવામાં આવી રહયો છે કે જાણે મુસ્લિમ શાસકોનો યુગ પરદેશી કૌમનાં સામ્રાજયનો યુગ હતો જે દરેક પ્રકારની ખૂબીઓ અને સૌંદર્યતા વિહોણો હતો. તે સમયમાં કોઈ યુગમાનવ, કોઈ ઐતિહાસિક વિકાસ કે દેશની પ્રગતિ માટે નિખાલસ અને નિષ્ઠાપૂર્વક એવું કોઈ કામ થયું જ નથી જેના ઉપર ભારત ગર્વ લઈ શકે. આઝાદીની લાંબી લડાઈમાં તે ફકત તમાશો જોતો રહયો અથવા તેનો ફાળો નોંધપાત્ર હતો જ નહી. આવા ઝેરી પ્રચાર અને કાળા કાવત્રા દ્વારા આપણે આપણાં ભારતવર્ષ રૂપી ઘટાદાર વટવૃક્ષની લીલી ડાળ ઉપર જાતે જ કુહાડો ચલાવી રહયા છીએં અને એવું સાબિત કરી રહયા છીએં કે ૮૦૦ થી ૧૦૦૦ વર્ષ સુધી આ ઝાડ નકામું અને ફળ વિનાનું રહયું અને આટલો લાંબો સમય અહિંયાં પાનખરનો જ પડાવ રહયો.

આ વાત ઐતિહાસિક પુરાવાનાં પણ વિરૂધ્ધ છે, વળી એવી માન્યતાથી આપણાં દેશની ફળદ્રુપતા, ઉત્પાદન શકિત અને કુદરતી સૌંદર્યતા ઉપર પણ પ્રશ્નચિહન મુકાય જાય છે અને આવી વિપરિત રજૂઆતથી આપણે ફકત કરોડોની સંખ્યાં ધરાવતી વસ્તી સાથે નાઈન્સાફી તેની ભાવનાઓને કચડી નાખવા અને તેનાં ઉમંગ, ઉત્સાહ ઉપર પાણી રેડવાનું કામ જ નથી કરતા, બલ્કે આ દેશ, તેનો ઈતિહાસ અને આપણી વર્તમાન અને ભાવી પઢી સાથે પણ ના ઈન્સાફી કરી રહયા છીએં. જયારે કે વર્તમાન પઢીને આ વાતની સખ્ત જરૂરત છે કે તે યુગની અનુકરણીય મહાન વિભૂતિઓનું જીવન ચરિત્ર તેમની સમક્ષ મુકવામાં આવે જે એમનાં માટે દીવાદાંડીરૂપ સાબિત થાય. સાથે સાથે ઈસ્લામી દેશો સામે (જેમની સાથે સારા સંબંધો કેળવવા આપણે ઉત્સુક છીએં) હિન્દુસ્તાની મુસ્લિમોની ઉચ્ચતમ્ કૃતિઓને રજૂ કરી ભારતનો સારો

પરિચય કરાવી શકીએં છીએં. આ જ અગત્યની જરૂરતને ધ્યાનમાં રાખી આ લેખ લખવા પ્રેરાયો છું. આપણાં દેશના બિનમુસ્લિમ મિત્રો માટે વળી ઘણા ખરા મુસ્લિમ ભાઈઓ માટે ઈતિહાસના ભારેખમ પુસ્તકો વાંચવા, ફારસી અને પુરાણી ઢબની ઉર્દૂ ભાષામાં આલેખાયેલ કિતાબોને વાંચી ખરા ઈતિહાસને પામવા અને તે સુવર્ણયુગની સાચી છબીને જોવા – જાણવાનું કાર્ય મુશ્કિલ હતું એટલે ખૂબ જ ટૂંકમાં તે યુગનો એક અછડતો પરિચય કરાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે, આશા છે કે આ લેખ સત્યશોધકોને તે મહાનયુગ અને મહામાનવોની વિશિષ્ટ સેવાઓની જરૂર ઝાંખી કરાવશે.

**મુસ્લિમ સુફી સંતોનું ભારતમાં આગમન :**

આ મહાન દેશમાં મુસ્લિમોનો એક સમૂહ કોઈ પણ પ્રકારની દુન્યવી લાલસા અને આર્થિક લાભોથી અળગા રહી ફકત ધાર્મિક સંદેશો અને અલ્લાહદત્ત ઉચ્ચતમ્ જીવન વ્યવસ્થા લઈને પધાર્યો. તેઓ અહિયાં ઈસ્લામી અદ્‌લો, ઈન્સાફનો પયગામ લઈને આવ્યા. જેથી તંગ અને અંધકારમય દુન્યામાં રૌશની અને  વિશાળતા માટે વલખાં મારતા જનસમૂહને અલ્લાહની અતિ વિશાળ ધરતીમાં તેણે મૂકેલ અણમોલ ખઝાનાઓથી લાભાન્વિત થવાની રીત શીખવાડે અને ગુલામીની સાંકળોમાં સપડાએલ તથા પતનની ઊંડી ગર્તામાં ધકેલાય ગયેલ માનવ સમાજને સર્જનહારે સૌને અર્પેલ આઝાદીને સંપૂર્ણ પણે ભોગવવાની ફાયદાકારી રીત સમજાવે. ઈસ્લામનાં આવા પવિત્ર સેવકો અને નિખાલસ સૂફીસંતોનું જીવનચરિત્ર ઉકત બાબતનો બોલતો પુરાવો છે. આવા બુઝુર્ગોની હૂંફાળી છત્રછાયામાં હિન્દુસ્તાની સમાજનાં સતાવેલા હજારો–લાખો લાચારો– મજબૂરોને ન ફકત આશરો મળ્યો, બલ્કે તેઓ અહિંયાં સગા બાપ–દીકરા અને ભાઈ– બહેનોની જેમ રહેવા લાગ્યા. ખ્વાજા મુઈનુદીન અજમેરી (રહ.), સૈયદ અલી બિન શિહાબ હમ્દાની કાશ્મીરી (રહ.) અને હઝરત સૈયદ અલી હિજોરી (રહ.)ની ગણત્રી તેવા જ ગણનાપાત્ર સૂફી સંતોમાં થાય છે.

**મુસ્લિમ રાજાઓ અને સત્તા સ્થાપકોની પધરામણી :**

આ દેશમાં મુસ્લિમોનો બીજો સમૂહ રાજાઓ, સત્તા સ્થાપકો અને સરસેનાપતિઓનાં સ્વરૂપે પધાર્યો, જેમાં સુલ્તાન મહમૂદ ગઝનવી, શિહાબુદીન મુહમ્મદ ગૌરી અને ઝહીરુદીન બાબર તૈમૂરી જેવા બાદશાહોનાં

હાથે આ દેશમાં એવા મહાન અને ક્રાંતિકારી શાસનનો તખ્તો ગોઠવાયો જેણે દીર્ઘકાળ સુધી દેશવાસીઓની સેવા કરી અને હિન્દુસ્તાનને ખૂશહાલી, પ્રગતિ અને ખ્યાતિનાં ઉચ્ચ શિખરે પહોંચાડી દીધું.

**<u>અનુકરણીય દેશપ્રેમ અને આદરપાત્ર દેશદાઝ :</u>**

મુસ્લિમો જે રીતે પણ ભારતમાં આવ્યા,એટલી વાત ચોકકસ છે કે તેમણે ભારતને પોતાનો દેશ ગણ્યો. એમની માન્યતા હતી કે ધરતીનો અસલ માલિક અલ્લાહ છે અને તે જ જેને ધારે છે તેને પોતાની ધરતીનો વારસદાર અને રક્ષક બનાવી દે છે, તેઓ સ્વજાતને અલ્લાહ તરફથી આ ધરતી માટે નિયુકત કરાએલ વ્યવસ્થાપક અને સૃષ્ટિનાં સેવક સમજતા હતા. એમનો અકીદો હતો કે સર્જનહારે સર્જેલી સમગ્ર સૃષ્ટિથી લાભાન્વિત થવાનાં આપણે હકદાર છીએં કારણ કે તેનો એકમાત્ર માલિક તે અલ્લાહ છે જેની આપણે બંદગી કરીએં છીએં, એટલા માટે મુસ્લિમોએ હરહંમેશ આ ધરતીને પોતાનું વતન, પોતાનું ઘર અને કાયમી રહેઠાણ બનાવી લીધું અને ભારતની સેવાકાજે તેમણે પોતાની ઉચ્ચતમ લાયકાત, બહોળો અનુભવ, આવડત, કાર્ય કુશળતા અને સમગ્ર શકિતઓને કામે લગાડી દીધી. તેઓ દ્રઢપણે માનતા હતા કે ભારત દેશની દોલતમાં તેમના હાથે જેટલો પણ ઉમેરો થશે તે તેમની પોતાની જ દોલતમાં વધારો લેખાશે કારણ કે તેમણે પોતાનું ભાવી આ જ ધરતી સાથે જોડી દીધું હતું અને આ જ ધરતી ઉપર જીવન – મરણનો અંતિમ નિર્ણય કરી લીધો હતો. આ નિર્ણયનાં પરિણામ સ્વરૂપે મુસ્લિમોની સમગ્ર લાગણીઓ આ ધરતી સાથે જોડાઈ ગઈ અને ભારત દેશને પોતાનું માદરે વતન સમજી તેનાથી પ્રેમ કરવા લાગ્યા.

અંગ્રેજો અને મુસ્લિમોની વિચારસરણી વચ્ચે આ જ પાયાનો તફાવત છે. અંગ્રેજોનો એકમાત્ર હેતુ અહિંયાંની દોલત પોતાના દેશ ભેગી કરવાનો હતો તેમના મતે આ ધરતી એક દૂધારી ભેંસ જેવી હતી જે થોડા દિવસ એમની પાસે રહીને ચાલી જવાની હતી એટલે તેઓ તેને સારી પેઠે દોહિ લેવા માંગતા હતા જયારે મુસ્લિમોના મતે આ દેશની ઉન્નતિ – પ્રગતિ એમની પોતાની જ પ્રગતિ અને ખુશહાલી હતી, માટે તેમણે નિખાલસપણે તનતોડ મેહનતો કરી અને આ દેશને વિકાસનાં સર્વોચ્ચ શિખરે પહોંચાડી સાચા દેશપ્રેમનો દાખલો બેસાડયો.

## દુન્યાના સભ્ય સમાજથી વેગળું એકલું અટૂલું ભારત :

મુસ્લિમોનાં ભારતાગમન ટાણે ભારતમાં જ્ઞાનનાં નામે પુરાણો, ધર્મ વિષે લખાયેલ કલ્પિત વાર્તાઓનાં પુસ્તકો અને પ્રાચીન સંસ્કૃતિનાં અવશેષો મહદ્અંશે જોવા મળતાં હતાં. કુદરતી ફળો, અનાજ મેવો અને અન્ય ખાધાખોરાકીની વસ્તુઓ તો અહિંયાં હતી પણ જો સભ્યતા અને સંસ્કૃતિની નોંધ લઈએ તો તે સભ્ય સમાજ અને વિશ્વસંસ્કૃતિથી લાંબા સમયથી વેગળું, વિખૂટું અને એકલું અટૂલું પડી ગયું હતું જાણે તેની એક દિશાનાં ઊંચા ઊંચા પહાડો અને બીજી દિશાનાં દરિયાઓ તેને અન્ય જગતથી સંબંધો બાંધવામાં આડરૂપ બનતા હતા અને આ રીતે તે અન્ય જગતથી સંપૂર્ણ કપાઈ ગયું હતું. સૌથી છેલ્લો વિજેતા જે બહારનાં સભ્ય સમાજમાંથી હિન્દુસ્તાન પહોંચ્યો તે મહાન સિકંદર હતો. તે પછી મુસ્લિમોના આગમન સુધી,બહારની દુન્યા સાથે ભારતનો કોઈ જ સંપર્ક અથવા અન્ય દેશો સાથે સાંસ્કૃતિક આદાન–પ્રદાનનો કોઈ જ શિરસ્તો જોવા નથી મળતો.

## ભારતનું સભ્ય સમાજ સાથે સાંસ્કૃતિક જોડાણ :

આવા કપરા સંજોગોમાં મુસ્લિમો (જે તે સમયે પૂર્વની સૌથી મોટી પ્રગતિવાદી અને પ્રગતિશીલ કૌમ હતી) ભારતમાં પધાર્યા. એમની પાસે એક નવિન સંસ્કૃતિ, વૈચારિક ક્રાંતિ, પ્રાકૃતિક ધર્મ, સંપૂર્ણ જીવન વ્યવસ્થા, અલ્લાહદત્ત ધર્મ, તા'લીમી પરિપકવતા, પ્રાપ્તોન્નત, સંસ્કૃતિ, સર્વોત્તમ શિષ્ટાચાર, વિવેક– વિનય, આદર્શ સમાજ અને ઉન્નત સભ્યતાનો નિચોડ હતો જેમાં બુધ્ધિશાળી અને મેધાવી માનવોની ગંભીર અભિરૂચિ અને વિવિધ કૌમોનાં પ્રતિભાવંત, બુધ્ધિમાન અને વિદ્વાન વિભૂતિઓની સર્જન શકિત ભેગી થઈ ગઈ હતી. તેમાં અરબોની ગંભીર અભિરૂચિ, ઈરાનીઓની નઝાકત અને તુર્કોની સાદગી હતી. તે સિવાય અસંખ્ય આપ્રાપ્ય અને અદભુત ભેદ સોગાદો પણ હતી.

## એકેશ્વર વાદ અને અલ્લાહની ઈબાદતની ઈસ્લામી ભેટ :

સૌથી અનેરી અનુપમ અને અમુલ્ય ભેટ જે મુસ્લિમોએ ભારતને ધરી તે ઈસ્લામનો સ્વચ્છ અને પવિત્ર એકેશ્વરવાદનો અકીદો હતો, જેમાં અલ્લાહ અને બંદા વચ્ચેનાં સંબંધ આડે કોઈ વચેટિયા કે ત્રાહિતની જરૂરત નથી. ઈસ્લામનાં આ પવિત્રતમ અકીદામાં બહુઈશ્વરવાદની અલ્લાહસમ્ કે

અલ્લાહનાં સહાયકની,કોઈ ચીજ વસ્તુ કે વ્યકિતમાં અલ્લાહનાં અવતારની અને તેને અલ્લાહસમ્ માનવાની કોઈ જ છૂટ કે જોગવાઈ નથી. આ અકીદામાં ફકત અને ફકત એકજ અલ્લાહની એકતા અને ઈબાદતનો ઈકરાર અને તેના સર્વ શકિતમાન હોવાનું એ'લાન છે, તે અલ્લાહને માનવાની તા'લીમ છે જેનો ન કોઈ આકાર છે ન અવતાર, ન તે કોઈનો બાપ છે ન તેનો કોઈ દિકરો અને ન તો તે મહાન સર્જનહાર સર્જિત અગણ્ય સર્જનોનાં સર્જનમાં તેનો કોઈ ભાગીદાર છે. સૃષ્ટિનું સર્જન, તેની વ્યવસ્થા અને ધરતી–આકાશની સંપૂર્ણ સત્તા અને માલિકી તેની એકલાની જ છે. આવી ઉચ્ચ માન્યતાઓ અને સ્વચ્છ તા'લીમની અસર સૈકાઓથી એકેશ્વરવાદનાં અકીદાથી વંચિત ભારતવાસીઓ ઉપર અસરકારક રીતે થઈ અને તેમનાં પવિત્ર ગ્રંથો અને ધાર્મિક સાધૂસંતો પણ તેનું વર્ણન કરવા લાગ્યા. પ્રખ્યાત ઈતિહાસવીદ ડૉ. કે. એમ.પાણીકર સર્વે ઓફ ઈન્ડિયન હિસ્ટરી (બ કગચઅભથ ફા યદમયબદ જયકતફચથ) નામક પુસ્તકમાં લખે છે......

આટલી વાત તો સ્પષ્ટ છે કે તે યુગમાં હિન્દુમત ઉપર ઈસ્લામ ધર્મે પ્રભાવશાળી અસર પાડયો. હિન્દુઓમાં ખુદા પરસ્તી (ભગવાન પૂજા)નો અસર ઈસ્લામ ધર્મનાં પ્રતાપે જ પૈદા થયો. તે યુગનાં બધાજ સાધૂસંતોએ પોતાના દેવી દેવતાઓનાં નામો ગમે તે રાખ્યાં હોય પણ શિક્ષણ તો બધાએ ખુદા પરસ્તીનું જ આપ્યું. એટલે કે અલ્લાહ એક જ છે, તે જ બંદગી (પૂંજા)ના લાયક છે અને તેના વડેજ આપણને મુકિત (મોક્ષ) અને સફળતા મળી શકે છે.

**<u>ઈસ્લામી ભાઈચારો,સદ્ભાવના અને સમાનતાની ભેટ :</u>**

સમાજ જીવનમાં ભારત માટે સૌથી નવિન અને સૌથી કીમતી ભેટ ઈસ્લામી ભાઈચારો અને સમાનતાનો સંદેશો હતો. ઈસ્લામ ધર્મમાં ન તો ઊંચનીચ કે જ્ઞાતી–જાતીનો કોઈ ભેદભાવ હતો અને ન તો મુસ્લિમોમાં કોઈ સમૂહ અથવા કૌમ અછૂટ કે તિરસ્કૃત ગણાતી હતી. તેમની માન્યતા હતી કે કોઈ પણ વ્યકિત જન્મજાત એવી અસભ્ય યા અજ્ઞાની નથી હોતી જેને વિદ્યાપ્રાપ્તિનો અધિકાર જ ના હોય. વળી કોઈ ધંધા કે હુન્નર ઉદ્યોગ ઉપર કોઈ નિશ્ચિત જ્ઞાતીનો અધિકાર અથવા તે માટે કોઈ ચોકકસ ધારા ધોરણો પણ ન હતા. તેઓ એક સાથે રહેતા હતા. વિદ્યાપ્રાપ્તિ માટે સામુહિક અને

સરખા પ્રયાસો કરતા હતા અને પ્રત્યેક માનવીને મરજી મુજબનો ધંધો કે હુન્નર ઉદ્યોગ સ્થાપવા– વિકસાવવાનો અબાધિત હક હતો.

માનવીય સમાનતાની આવી આવકાર પાત્ર વ્યવસ્થા ભારતીય સમાજ અને ભારતીય વિચાર શૈલી માટે એક નવિન અનુભવ અને વિચાર વિમર્શનું નિમંત્રણ હતું જેનાથી ભારત દેશને ઘણો લાભ પહોંચ્યો. ઈસ્લામી સમાનતા અને પરસ્પરની સદ્ભાવનાનાં આવા અનુકરણીય બંધારણે ભેદભાવ યુકત વ્યવસ્થાની પકડ ઢીલી કરી નાંખી અને ભારત વર્ષમાં ઊંચનીચ અને ભેદભાવ વિરૂધ્ધ જોરદાર અભિયાનની શરૂઆત થઈ,વળી તેનાથી સમાજ સુધારણાના કામને આગળ ધપાવવાનાં કામમાં અડચણો ને મુંઝવણો અનુભવતા સમાજ સુધારકોનું કામ તદ્દન સહેલું થઈ ગયું. પંડિત જવાહરલાલ નેહરૂએ આવી ઐતિહાસિક વાસ્તવિકતાની નોંધ આ શબ્દોમાં લીધી છે...પશ્ચિમ ઉત્તરીય દિશાએથી આવનાર આક્રમણકારો અને તેમની સાથે ઈસ્લામ ધર્મનું આગમન ભારતીય ઈતિહાસમાં વિશેષ મહત્વ ધરાવે છે. તેણે તે દુર્ગુણોને જે હિંદુ સમાજનો ભાગ બની ગયાં હતાં એટલે કે ‘‘નાત–જાત નો ભેદભાવ, છુટછાટ અને છેલ્લી કક્ષાની એકાંતવૃત્તિ’’ને ખુલ્લાં પાડી દીધાં. ઈસ્લામ ધર્મનાં ભાઈચારાની ભાવના અને જ્ઞાનપ્રાપ્તિની સમાનતાનાં અકીદાઓએ હિંદુઓનાં માનસ ઉપર ગંભીર અને પ્રભાવશાળી અસર પાડયો. વિશેષરૂપે તે લોકો જે હિંદુ સમાજમાં સમાન હકકોથી વંચિત હતા આ માન્યતાથી પ્રભાવિત થયા.

(**DISCOVERY OF INDIA**) તલાશે હિંદ (**લેખક**:પંડિત જવાહરલાલ નેહરૂ)

ડૉ. મુકુન્દરાય કોટેચા ‘‘ભારતીય સંસ્કૃતિની તાત્ત્વિક ભૂમિકા’’ પુસ્તકમાં લખે છે ‘જયારે ભારતમાં ઈસ્લામ આવ્યો ત્યારે દેશમાં ફેલાતાં તેને બહુ વાર ન લાગી. સામાન્ય જનસમાજમાંથી જે લોકોએ મુસલમાન ધર્મ અંગીકાર કર્યો તેમાં તલવારના ભયથી સ્વીકાર કરનારા બહુ ઓછા હતા. વધુ પ્રમાણમાં સ્વેચ્છાએ સ્વીકાર કરનારા હતા અને તેનું કારણ રાજકીય કે ધાર્મિક કરતાં, સામાજિક અને આર્થિક જ વધુ હતું. જયાં વર્ણાશ્રમધર્મ પ્રમાણે ઊંચી મનાતી જાતિઓનું જોર હતું ત્યાં તેઓ નિમ્નજાતિને અસ્પૃશ્ય માની પશુથી પણ હલકી સમજતા હતા. આવા લોકોનો ઈસ્લામ સાથે સામનો થયો હશે ત્યારે તેઓને હિંદુ ધર્મ કરતાં ઈસ્લામ વધુ અનુકૂળ દેખાયો હશે તેમાં આશ્ચર્ય

જેવું કશું નથી.

પંડિત હજારીપ્રસાદ દ્વિવેદી લખે છે. 'મુસલમાનોના આગમન પહેલાં આ દેશમાં એક એવો વર્ગ અસ્તિત્વમાં હતો જે બ્રાહ્મણોથી અસંતુષ્ટ હતો અને વર્ણાશ્રમના નિયમો માટે આદર રાખતો ન હોતો. પૂર્વ બંગાળના વેદ બાહ્ય સંપ્રદાયોના રહ્યા–સહ્યા અવશેષોરૂપ એવા કેટલાક ધાર્મિક સંપ્રદાયો હતા, જેઓએ મુસલમાનોને પોતાના ઉધ્ધારક માન્યા હતા, તેઓ સામૂહિક રૂપમાં મુસલમાન બની ગયા. પંજાબમાં પણ નાથ સંપ્રદાયવાળા, નિરંજનમાર્ગી અને પાશુપતોની અનેક શાખાઓ મુસલમાન બની ગઈ.

ઈસ્લામની સૌથી આકર્ષક બાજુ આ વર્ગ માટે એ હતી કે જે કોઈ મુસલમાન બની જતું તેને અમીરમાં અમીર મુસલમાન પણ પોતાનો ધર્મબંધુ સમજવા માંડતો હતો અને તેને પોતાની બરોબરીનું મહત્ત્વ આપતો હતો. આથી એ દિવસોમાં જયાં જયાં ઈસ્લામ પહોંચ્યો ત્યાંના સમાજમાં ભારે ક્રાંતિ સર્જાઈ અને મનુષ્ય પોતાનું મસ્તક ઊંચું ઉઠાવી ચાલવા માંડયો.

***(ગુજરાત મિત્ર–ચર્ચાપત્રો*** *તા. ૧૯–૮–૨૦૦૧. ''સામાજિક અસંતોષ ધર્માન્તરનું મૂળ છે'').*

**<u>સ્ત્રીનું સન્માન અને સતીપ્રથા નાબૂદી યોજના :</u>**

બીજી એક મહામૂલી ભેટ જે મુસ્લિમો ભારત દેશ માટે લઈને આવ્યા તે નારીનું સન્માન,સ્ત્રીરૂપી જીવનરથનાં એક મહત્વનાં પૈડાની સારસંભાર અને પત્નિ તથા અર્ધાંગિની તરીકે તેના હકકોનું જતન અને તેને કાયદેસરની માન્યતા આપવાની હતી. એક એવા દેશમાં જયાં પત્નિઓ પતિદેવનાં મરણ ઉપર સતી થઈ જતી હોય કારણ કે તેમની માન્યતા મુજબ પતિનાં મૃત્યુ પછી તેમને જીવંત રહેવાનો કોઈજ અધિકાર ન હતો. ઈસ્લામ ધર્મે નાજુક નમણી નારને અર્પેલ અધિકારો અને સ્ત્રી હકકો નું શું મહત્વ હોઈ શકે છે તેનું વર્ણન કરવાની જરૂરત રહેતી નથી. સતી થવાની ભયાનક અને કંપાવનારી પ્રથાની નાબૂદી માટે મુસ્લિમ રાજાઓ અને ઈસ્લામી શાસકોએ ''હિન્દુઓની ધાર્મિક માન્યતાઓ અને પ્રથાઓની સાર–સંભાર સહિત'' શકય એટલા પ્રયાસો કર્યા.

ભારતનાં પ્રખ્યાત પ્રવાસી ડૉ.બરનીર પોતાની પ્રવાસ નોંધમાં ટાંકે છે...આજકાલ પેહલાં કરતાં સતી થનારી સ્ત્રીઓની સંખ્યા ઘણી જ ઘટી ગઈ

છે. કારણ મુસ્લિમોએ જે ભારત દેશનાં શાસકો છે આ પ્રથા દૂર કરવાનાં ગંભીર પ્રયાસો આદર્યા છે. જો કે સતી પ્રથા નિષેધનો કોઈ કાયદો ઘડવામાં નથી આવ્યો કારણ મુસ્લિમ રાજાઓ તેમની સત્તા પોલીસીનાં ભાગરૂપે હિંદુઓની ધાર્મિક માન્યતાઓમાં માથું મારવું ઉચિત નથી માનતા અને તેમને હિંદુ ધર્માદેશોને સ્વતંત્રતા સહિત અનુસરવાની છૂટ આપે છે. તે છતાં સતીપ્રથા નાબૂદીની અન્ય રીતો અને જુદા જુદા ઉપાયો અપનાવતા રહે છે. દા.ત. કોઈ પણ સ્ત્રી રાજયનાં ગવર્નરની પૂર્વ પરવાનગી વગર સતી થઈ શકતી નથી,અને સ્ટેટ ગવર્નર તે માટેની પરવાનગી કદિ પણ આપતો નથી. ગવર્નર તેને દલીલબધ્ધ રીતે લાગણીપૂર્વક સમજાવે છે. કદિક ધાકધમકી અને કદિક લાલચ પ્રલોભન દ્વારા રોકવાનો પ્રયાસ કરે છે. આ બધા પ્રયાસો નિષ્ફળ જતાં કદિક તેને પોતાની બેગમો પાસે પણ મોકલી દે છે જેથી બેગમો પોતાની રીતે તેને સમજાવે,તે છતાં સતી થનાર સ્ત્રીઓની સંખ્યા તે રાજાઓનાં રાજયમાં વધારે છે જયાં કોઈ મુસ્લિમ ગવર્નર નથી.

**TRAVEL IN MOGHAL EMPIRE** (લેખકઃ ડૉ. બરનીર સાહબ)

**<u>ઈતિહાસનાં વિષય ઉપર રચનાત્મક કામ :</u>**

મુસ્લિમો એવી વિદ્યા કળાઓ અને વિષયો પણ ભારત લઈ આવ્યા જેનાથી ભારત તદ્દન અજાણ હતું. આવા વિષયો પૈકિ વર્ણન પાત્ર વિષય ઈતિહાસનો વિષય છે. ભારતમાં તે સમયે કોઈ પણ પુસ્તક ઐતિહાસિક પુસ્તક કહેવાનાં કાબેલ ન હતું તેની જગ્યાએ હિંદુ ધર્મગ્રંથો, રણસંગ્રામનાં વિષયે રચાયેલ કવિતાઓ,અને રામાયણ–મહાભારત ની વાર્તાઓનાં પુસ્તકો ઈતિહાસની ગરજ સારતા હતા. અને તેજ પુસ્તકો ભારતનો ઐતિહાસિક વારસો હતો. મુસ્લિમોએ આ વિષય ઉપર એક આખું પુસ્તકાલય તૈયાર કરી નાંખ્યું. ડૉ.લીબાન પોતાની કિતાબ ''તમદ્દુને હિંદ'' માં લખે છે પ્રાચીન ભારતનો કોઈજ ઈતિહાસ મળતો નથી. વળી પુરાણો અને પ્રાચીન પુસ્તકોમાં પણ ઐતિહાસિક બાબતોનો કોઈ જ ઉલ્લેખ નથી,અને પ્રાચીન ઈમારતો અને યાદગારો પણ આ ખોટ પૂરી શકતી નથી. કારણ ભારતની પ્રાચીનથી અતિપ્રાચીન યાદગાર પણ મુશ્કિલ થી ત્રીજી સદી પહેલાંની હશે. ફકત અમુક ધાર્મિક ગ્રંથોને છોડી જેમાં અમુક ઐતિહાસિક બાબતોને કથાઓ તથા વાર્તાઓ

સ્વરૂપે વર્ણવવામાં આવી છે. પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવો એટલો મુશ્કિલ છે જેવી રીતે તે કલ્પિત ટાપૂ એટલાન્ટિસનો ઈતિહાસ જાણવો જે અફલાતૂન (પ્લેટો)નાં મત મુજબ ધરતીની મોટી ઉથલપાથલ નાં લઈ તબાહ થઈ ગયો. આગળ એવું ટાંકયા પછી કે વેદ,રામાયણ અને મહાભારત થી મહદઅંશે ભારતીય ઈતિહાસ દ્રષ્ટિગોચર થાય છે. લખે છે કે ...ભારતનો ઐતિહાસિક સમયગાળો ખરેખર મુસ્લિમોનાં આક્રમણ અને તેમનું સામ્રાજય સ્થપાયા પછીથી જ શરૂ થાય છે. અને સાચે જ ભારતનાં સૌ પ્રથમ ઈતિહાસકારો મુસ્લિમો છે.

**<u>સંસ્કૃતિનો નવો ઓપ અદ્વિતીય અંદાઝ :</u>**

ભારતને મુસ્લિમો પાસેથી નવિન વિચારશકિત, દ્રષ્ટિ,સભ્યતા અને વિવેકનો નવો ઓપ અને શે'ર શાઈરીનો નવો અંદાઝ મળ્યો. આવો અદ્વિતીય નવિન ઓપ જ્ઞાન–શિક્ષા અને વિજ્ઞાવિનયનાં મિશ્રણ વિના અશકય હતો. અન્ય ભેટસોગાદો સિવાય જે મુસ્લિમોએ ભારતને ધરી એક અગત્યની ભેટ ખૂબ જ પ્યારી,મીઠી,વહાલી,મૃદુલ અને વિશાળ ઉર્દૂ ભાષાની ભેટ છે. જે ત્યારે અને અત્યારે પણ પૂરા ભારતની વિવિધ જાતિઓને જોડનારી ભારતીય સંસ્કૃતિનો સમન્વય,અને એકમાત્ર શે'ર શાયરી અને અદબની કલાસિકલ ભાષા છે.

**<u>પ્રાચીન ભારતની રૂપરેખા બાબરની કલમે :</u>**

મુસ્લિમોએ ભારતનાં સાંસ્કૃતિક વારસામાં જે નોંધપાત્ર વધારો કર્યો તે જાણવા માટે જરૂરી છે કે આપણે પેહલાં તે સમયગાળાની ભારતીય સંસ્કૃતિની નોંધ લઈએ.

જયાં સુધી મુસ્લિમો અહિંયાં આવ્યા ન હતા અને નવા ઈસ્લામી ભારતનો ઉદય થયો ન હતો તે પહેલાંની રૂપરેખા મોગલ સામ્રાજયનાં સ્થાપક સમ્રાટ ઝહીરુદ્દીન બાબરે (૮૮૮ થી ૯૩૯ હિજરી મુતાબિક ૧૪૮૩ થી ૧૫૩૨ ઈસ્વી) ઘણા જ સ્પષ્ટ અને સાફ સાફ શબ્દોમાં વણવી છે જે વાંચીને અંદાજો થશે કે મુસ્લિમોએ આ ધરતીને પોતાની સ્થાપત્ય કળા,ઉત્તમ લાયકાત,બહોળો અનુભવ અને આગવી પાત્રતા વડે કયાં થી કયાં સુધી પહોંચાડી દીધી. આ બાબત પણ જાણી લેવી આવશ્યક છે કે મોગલો પેહલાં પણ અનેક મુસ્લિમ રાજાઓ ભારતમાં રાજ કરી ચૂકયા હતા અને તેમણે પણ

ભારતની મુલ્યવાન સેવાઓ કરી હતી.

બાબર પોતાની "તુઝક બાબરી" માં લખે છે.....ભારતમાં સારી જાતનાં ઘોડા ન હતા,સારો માંસ મળતો ન હતો. દ્રાક્ષ ન હતી,તડબૂચ ન હતું,બરફ ન હતો,ઠંડૂ પાણી ન હતું, બાથરૂમ ન હતું સ્કૂલ મદ્રસો ન હતો, મીણબત્તી ન હતી,ફાનસ ન હતી,મીણબત્તીના બદલે જાડી દિવેટ વાળો દીવો સળગાવવામાં આવતો જેમાંથી ખૂબ જ ધૂમાડો નીકળતો. રાજા મહારાજાઓને રાત્રી સમયે અજવાળાની જરૂરત પડતી તો આવો જ ધુમાડિયો દીવો પ્રગટાવીને નોકરો તેમની સામે ઉભા રહેતા. બાગ–બગીચાઓ અને ઘરોમાં વહેતું પાણી ન હતું,બાંધકામમાં સ્વચ્છતા–સુંદરતા અને સમાનતા ન હતી. બહુધા પુરૂષો એક લંગોટિયું બાંધી ફરતા અને સ્ત્રીઓ ધોતી પહેરતી જેનો અડધો ભાગ કમ્મરે લપેટી લેતી અને અડધો ભાગ માથે નાંખી દેતી.

પંડિત જવાહરલાલ નેહરૂ બાબરે વર્ણવેલ ઉપરોકત બાબતોની ચર્ચા કરતાં લખે છે.....બાબરનાં લખેલ ઈતિહાસથી આપણને ઉત્તર ભારતની સાંસ્કૃતિક દરિદ્રતાનો અંદાજ આવે છે. આવા સાંસ્કૃતિક અધપતનનું એક કારણ તો આ હતું કે ઘણા ખરા વિદ્વાનો, કારીગરો અને આર્ટિસ્ટો ઉત્તર ભારત છોડીને દક્ષિણ ભારત ચાલ્યા ગયા હતા અને પ્રમુખ કારણ આ હતું કે ભારતીયોની સર્જન શકિત તદ્દન નષ્ટ પામી હતી. બાબર લખે છે કે.....ભારતમાં હોશિયાર કારીગરો અને શિલ્પિઓની કમી નથી પરંતુ અહિંયાંના સર્જકોમાં સંશોધન પ્રવૃત્તિ,નિર્માણ શકિત, હોશિયારી અને બાહોશીનો અભાવ છે.

**<u>ફળફળાદી અને સુકા મેવાની નવી જાતો :</u>**

લીલોછમ અને ફળદ્રુપ પ્રદેશ હોવા છતાં ભારતમાં ફળફળાદી અને મેવાઓ અલ્પ પ્રમાણમાં અને સાધારણ પ્રકારનાં થતાં હતાં. જે ફળો થતા હતા તે પણ તેજ હતા જે કુદરતી રીતે ઉગી નિકળતા હતા. ભારતવાસીઓ તેની ખાસ સારસંભાળ લેતા ન હતા. પરંતુ મોગલો જયારે ભારતમાં આવ્યા (જેમની અભિરૂચિ ઉચ્ચતમ્ હતી અને જેમનાં માદરે વતનમાં જંગી માત્રામાં જાત જાતનાં ફળો અને મેવાઓ પૈદા થતાં હતાં) તો તેમણે ફળો અને મેવાઓની વિવિધ જાતીઓ વિકસાવી અને નવીનતમ્ ફળોની ભેટ પણ ભારતને ધરી. તૂઝક બાબરી માં બાબર લખે છે કે મોગલોએ ભારતનાં ફળો

તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું અને વિવિધ ઝાડોની એકબીજા સાથે કલમો કરી અનોખી અને સ્વાદિષ્ટ જાતો વિકસાવી. કેરી જે ભારતનું પ્રખ્યાત અને સ્વાદિષ્ટ ફળ છે મોગલોનાં આગમન પેહલાં તેની ફકત એક જ જાત તુખ્મી ''ગોટલા દ્વારા ઉગાડેલ આંબો'' થતી હતી,કલમી થતી ન હતી. મોગલોએ અલગ અલગ પ્રકારની કલમો કરીને તેની અનેક જાતો બનાવી દીધી. પરિણામે આ એક જ ફળનાં વિવિધ સ્વાદો અને પ્રકારો થઈ ગયાં જે આજે પણ જોઈ શકાય છે.

**વેપાર ઉદ્યોગ અને ખેતીવાડીમાં પ્રગતિ :**

આજ હાલ કાપડ ઉદ્યોગનો પણ હતો. ભારતવાસીઓનો પહેરવેશ મોટા ભાગે કાચા ઉન નો સુતરનો કે ખાદી જેવો જાડો અને અતિશય સાદો હતો. સુલ્તાન મહમૂદ મુહમ્મદશાહ ગુજરાતી એ જે પાછળથી મહમૂદ બેગડાનાં નામે પ્રખ્યાત થયો. કારખાના સ્થાપી વ્યવસ્થિત રીતે કાપડ ઉદ્યોગ શરૂ કર્યો,જેમાં વણાટકામ, છાપકામ, રંગકામ અને ડીઝાઈન નું કામ થતું હતું. પથ્થર, હાથીદાંત, રેશમી કાપડ અને કાગળ બનાવવા માટેનાં કારખાનાં પણ શરૂ કર્યાં. સુલ્તાન મહમૂદ બેગડો ઉદ્યોગો તથા સ્થાપત્યકળાનો ગજબનો શોખીન હતો એટલે તેણે દેશનાં ખૂણે ખૂણે બાંધકામ,ઉદ્યોગ અને ખેતીક્ષેત્રે હળિયાળી ક્રાંતિ લાવી દીધી, ભારતનાં પ્રખ્યાત ઈતિહાસકાર મૌલાના અ.હય લખનવી (રહ.) તેમનાં અત્યંત આધારભૂત ઈતિહાસ ''નુઝ્હતુલ્ ખવાતિર''માં સુલ્તાન મહમૂદ બેગડાને આ રીતે વર્ણવે છે...સુલ્તાનની મહાન સેવાઓમાં દેશની પ્રગતિ, મસ્જિદો,મદ્રસાઓ અને મુસાફરખાનાઓની તા'મીર ખેત પેદાશમાં ફળદાર વૃક્ષો અને બાગબગીચાઓનો વિકાસ વર્ણનીય છે. તેણે લોકોમાં આવા કામોનો શોખ પૈદા કર્યો અને સિંચાઈ માટે નેહરો તથા કુવાઓ ખોદાવ્યા. સુલ્તાનની આવી પ્રોત્સાહક અને ઉત્સાહવર્ધક પ્રવૃત્તિઓનાં લઈ ઈરાન અને તુર્કસ્તાનનાં અનુભવી કારીગરો અને હુન્નર ઉદ્યોગનાં કલાત્મક વિશેષજ્ઞો મોટી સંખ્યામાં ભારત આવી પહોંચ્યા અને પોત પોતાની કલાકૃતિઓનું પ્રદર્શન કરવા લાગ્યા. પરિણામે ગુજરાતની ધરતી કુવાઓ અને નહેરોનાં લઈ લીલાછમ બાગમાં ફેરવાઈ ગઈ અને ઠેકઠેકાણે બાગબગીચાઓ ફળદાર વુક્ષો અને આહલાદક્ દશ્યો તાદશ્ય થવા લાગ્યા. તે સિવાય ગુજરાત એક ઈન્ટરનેશનલ માર્કેટ પણ બની ગયું જયાંથી ઉચ્ચ કવોલિટીનું કાપડ

વિદેશમાં સપ્લાય થવા લાગ્યું. આ બધી ખ્યાતિ,પ્રગતિ સુલ્તાન મહમૂદ બેગડાનાં તે પ્રતાપી પોગ્રામોનાં પ્રતાપે થઈ જે તેણે દેશ અને દેશવાસીઓની ઉન્નતિ માટે બનાવ્યા હતા.

**શેરશાહ અને અકબરનાં સુધારા અને જમીન ધારો :**

જમીન માપણી,મિલ્કતની નોંધણી અને ટેક્ષ વેરાઓનાં કાયદાઓમાં મુસ્લિમ રાજાઓએ ખાસ સુધારા કર્યા અને તે સંબંધી નવા ધારા ઘડયા. નાણા ક્ષેત્રે વિશેષરૂપે ચલણી સિકકાઓની વ્યવસ્થામાં મુસ્લિમ બાદશાહોએ જે મહત્વનો ભાગ ભજવ્યો તે પેહલાં ભારતવાસીઓ આવી અતિસુંદર નાણાકીય વ્યવસ્થાથી બિલ્કુલ અજાણ હતા. કાયદાકીય બાબતો અને ઓફિશ્યલ વ્યવસ્થામાં શેરશાહ સૂરીને બહોળો અનુભવ હતો. સમ્રાટ અકબરે પણ પાછળથી તેનું જ અનુકરણ કર્યુ.

**સમાજસેવા નાં કામો :**

ઢોર ઢાંખર,પ્રાણી ઉછેર અને એમની જાતોને સુધારવામાં પણ મુસ્લિમ શાસકોએ મહત્વનું યોગદાન આપ્યું. સુલ્તાન જહાંગીરની ''તૂઝક'' અને અન્ય ઈતિહાસની કિતાબો દા.ત. ''આઈને અકબરી'' માં આ વિષયની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. હોસ્પિટલો,યતીમ ખાનાઓ, મુસાફિરખાનાઓ, પબ્લિક બાગબગીચાઓ,સહેલગાહો,મોટીમોટી નેહરો અને મોટાં મોટાં તળાવો મુસ્લિમ રાજાઓની જ ભેટ છે. મૌલાના અ.હય લખનવી (રહ.) એ પોતાની કિતાબ ''જન્નતુલ્ મશ્રિક''માં મુસ્લિમ યુગમાં ભારતમાં તૈયાર કરાયેલ હોસ્પિટલો,સમાજ સેવાની સંસ્થાઓ અને પબ્લિક સંકુલોનો વિસ્તારથી ચિતાર આપી તેની સૂચી પણ સૂચવી છે.

ભારતને પૂર્વ–પશ્ચિમથી જોડતી અતિશય લાંબી સડક ''રોડ'' પણ મુસ્લિમ રાજાઓની બનાવેલી છે. જેમાં સૌથી પ્રખ્યાત સડક શેરશાહ સૂરીની બનાવેલ સડક ''રોડ'' છે. જે અત્યારનાં પૂર્વ પાકિસ્તાનનાં સરહદી ગામ ''સુન્નારગામ'' થી લઈ પશ્ચિમે પાકિસ્તાનમાં આવેલ સિંધ રાજય નાં ''નીલાબ'' નામક ગામ સુધી જાય છે. આ રોડની લંબાઈ ૩૦૦૦ (ત્રણ હજાર) માઈલ એટલે ૪૮૩૨ (ચાર હજાર આઠસો બત્રીસ) કિલોમીટર ની છે. જેનાં પ્રત્યેક બે માઈલ અથવા ત્રણ કિ.મીટરે એક મુસાફિરખાનું હતું જેમાં એક લંગર ''અન્નક્ષેત્ર'' હિંદુઓ માટે અને બીજું લંગર મુસ્લિમો માટે હતું.

સાથે સાથે એક મસ્જિદ પણ બનાવી હતી જેમાં બાંગી અને ઈમામ પણ નિયુકત હતા. પ્રત્યેક મુસાફરખાનામાં સંદેશા વ્યવહાર અને તાર–ટપાલ માટે બે ઝડપી ઘોડા રખાતા જે વડે દરરોજનાં સમાચાર બંગાળની છેવાડાની સરહદે પહોંચી જતા. રોડની બંને સાઈડે ફળદાર વૃક્ષો પણ ઉગાડયા હતા જેનાં ફળો વટેમાર્ગુઓ માટે આશિર્વાદરૂપ સાબિત થતા.

**રહેણી કરણીની સ્વચ્છ રીતભાત અને ઉત્તમ ઘર વ્યવસ્થા :**

આ સાથે મુસ્લિમોએ ભારતને સ્વચ્છતા,સફાઈ,પવિત્રતા, ખાધા–ખોરાકીની ચીઝ વસ્તુઓનો આહ્‌લાદક્ આસ્વાદ, સ્વાસ્થ્યની સારસંભાર નાં તબીબી ઉપાય,ઘરોને સ્વચ્છ અને હવા ઉજાસવાળા બનાવવાની રીત અને જાતજાતનાં ખાવા–પીવાનાં વાસણોથી પરિચિત કરાવ્યા. તે પેહલાં ભારતવાસીઓ મોટા મોટા ભોજન સમારંભમાં ઝાડપાનનો ઉપયોગ કરતા ''અત્યારે પણ આ રિવાજ કોઈક ઠેકાણે જોવા મળશે'' મુસ્લિમોએ ભારતનાં સમાજ, જીવન વ્યવસ્થા,ઘરોની બનાવટ અને તેના શણગાર અને સુંદરતા– સ્વચ્છતામાં ભારે સુધારા કર્યા. મુસ્લિમો કલાસ્થાપત્યનાં આગવા ધણી અને ભેખધારી હતા, આજે પણ તેમની કલાકૃતિઓનો જોટો જડવો અઘરો જ નહીં અસંભવ છે. તાજમહાલ,લાલ કિલ્લો, કુતુબમિનાર,અને જુમ્અહ મસ્જિદ જેવી અનેક ઈમારતો આજે પણ અડીખમ ઉભી રહી તેની સાક્ષી પૂરે છે.

**સભ્યતા અને સંસ્કૃતિ ઉપર ગંભીર પ્રભાવ :**

પંડિત જવાહરલાલ નેહરૂએ **"DISCOVERY OF INDIA"** નામક પુસ્તકમાં ભારતીય સભ્યતા અને ભારતીય સંસ્કૃતિ ઉપર મુસ્લિમોનાં અતિગંભીર પ્રભાવનો એકરાર આવા શબ્દોમાં કર્યો છે......

ભારતમાં ઈસ્લામ ધર્મ અને તેની સાથે વિવિધ કૌમોનાં આગમને જેઓ પોતાની સાથે નવી સંસ્કૃતિ અને અનુપમ જીવન વ્યવસ્થા લઈને આવ્યા હતા. ભારતનાં અકીદા 'માન્યતા' અને સમાજ જીવનને પ્રભાવિત કર્યા. વિદેશી આક્રમણ ગમે તે પ્રકારનું હોય તેનો એક લાભ ચોકકસ થાય છે કે તે સંકુચિત લોકમાનસને વિકસિત અને વિચારશિલ બનાવી દે છે. તે લોકોને સંકુચિત અને મર્યાદિત વિસ્તારમાંથી નીકળવા ઉપર અને દ્રઢપણે એવું માનવા પર મજબૂર કરી દે છે કે દુન્યા તેઓ સમજી બેઠા હતા તેનાથી અતિ વિશાળ અને અપાર

છે.

અફઘાનોનાં ભારતાગમને ભારત ઉપર આવો જ પ્રભાવ પાડયો અને ભારતીય સંસ્કૃતિ અને સભ્યતામાં એક નવો વળાંક આવ્યો. તેથી ભારે પલટો ત્યારે આવ્યો જયારે મોગલો ભારત આવ્યા કારણ તેઓ અફઘાનો કરતાં વધૂ સુધરેલ અને પ્રગતિશીલ કોમ હતી. તેમણે ભારતમાં વિશેષરૂપે તે સભ્ય,સ્વચ્છ અને પારદર્શક સંસ્કૃતિનો વિકાસ કર્યો જેનાં ઉપર ફકત ઈરાનદેશ નો જ અધિકાર હતો. આ બાબતનો એકરાર માજી કોંગ્રેસ પ્રમુખ અને આઝાદીની ચળવળના નેતા ડૉ.પટ્ટાબી સત્ય રામૈયાએ પણ જયપૂરના કોંગ્રેસ અધિવેશનમાં પોતાનાં પ્રમુખ સંબોધનમાં નીચે મુજબનાં શબ્દોમાં કર્યા છે.

મુસ્લિમોએ આપણાં કલ્ચરને સમૃધ્ધ બનાવી આપણી સામાજિક અને આર્થિક વ્યવસ્થાને સધ્ધરતા પ્રદાન કરી છે. વળી તેઓ દેશનાં છેવાડાનાં ભાગોને એકમેકથી જોડવામાં સફળ રહયા છે અને ભારત દેશની સભ્યતા અને સંસ્કૃતિ ઉપર તેમનો પ્રભાવ અવિસ્મરણીય છે.

**તબીબી સેવાઓ :**

મુસ્લિમોનાં આગમન અને મુસ્લિમ શાસનનાં લઈ ભારતને તે સમયનાં પ્રગતિવાદી અને પ્રગતિશીલ દેશોમાં જે મોખરાનું સ્થાન પ્રાપ્ત થઈ ગયું હતું તેનાં અનુસંધાનમાં ભારત ઘણ બધા મહત્વનાં લાભો મેળવી શકયું, તે પૈકીનો એક લાભ તબીબી ક્ષેત્રની પ્રગતિ છે. વર્તમાનકાળની અંગ્રેજી દવાઓના વિકાસ પહેલાં દુન્યામાં સૌથી વધૂ અસરકારક અને માન્ય ઈલાજ યુનાની ઈલાજ ''મુસ્લિમ પધ્ધતિ નું વૈદક શાસ્ત્ર''હતો. સ્પેન,ઈરાક,ઈરાન અને તુર્કસ્તાન યુનાની ઈલાજનાં મુખ્ય સ્થાનો હતા અને ત્યાં જ મધ્યયુગમાં યુનાની ઈલાજનાં વિદ્વાનો પેદા થયા. ભારતમાં ઈસ્લામી રાજ સ્થપાય જવાથી અને મુસ્લિમ રાજાઓની જ્ઞાન અને વિદ્યાકળાની પ્રોત્સાહિત વાતો સાંભળી આ ઈલાજનાં અનુભવી તબીબો વારા ફરતી ભારત પધારવા લાગ્યા. આ પરંપરા સાતમી સદી હિજરી થી બારમી સદી હિજરી સુધી ચાલૂ રહી. ભારત પધારેલ અનુભવી યુનાની હકીમો અને યુનાની મેડીકલ ઉપર પ્રભુત્વ ધરાવતા તબીબો અને તે પછી તેમની પાસે તૈયાર થયેલ તેમનાં ગૌરવપાત્ર શિષ્યોની અણથક કોશિષો અને અથાગ પ્રયત્નોનાં પ્રતાપે યુનાની ઈલાજ ભારતમાં સોળે કળાએ

ખિલ્યો અને તેની સામે અન્ય ઈલાજ પધ્ધતિઓ ઝાંખી પડી ગઈ. ભારતનું કોઈ શહેર કે ગામ તેનાથી ખાલી ન રહયું. યુનાની ઈલાજ પધ્ધતિ સહેલી હતી,સસ્તી હતી અને ભારતીય હવામાન ઋતુઓ અને ભુગોળને અનુકૂળ હતી એટલે ભારતમાં તે પસંદગી પામી અને ખૂબ જ ટુંકાગાળામાં પ્રચલિત થઈ. વળી આ પધ્ધતિએ સસ્તી હોવાનાં લઈ ભારતની ગરીબીની રેખાથી નીચે જીવતી મોટી વસ્તીમાં વધૂ લોકચાહના મેળવી લીધી. પાછળથી યુનાની ઈલાજમાં નિપૂણ એવા ભારતનાં તબીબોએ પોતાની ઈલાજ પધ્ધતિમાં હરણફાળ પ્રગતિ કરી અને પોતાની આવડતનો સિકકો આખી દુન્યા ઉપર જમાવી દીધો. છેલ્લે છેલ્લે દિલ્હી અને લખનવ તેના મુખ્ય સેન્ટરો હતાં. અત્યારે સમગ્ર વિશ્વમાં ફકત ભારત જ યુનાની ઈલાજનું મથક બાકી બચ્યું છે અને ભારતે જ અત્યાર સુધી તેની આબરૂ અને જીવન ટકાવી રાખ્યું છે.

**<u>મુસ્લિમોની દશ (૧૦) ભેટ સોગાદો :</u>**

પ્રખ્યાત ભારતીય ઈતિહાસકાર સર જાદૂનાથ સરકારે જેમનાં ઘણા પુસ્તકો યુનિવર્સિટી અને કોલેજોનાં અભ્યાસક્રમમાં દાખલ છે. પોતાનાં એક લેખમાં જે કલકત્તાનાં પ્રખ્યાત અંગ્રેજી પેપર "પ્રાબ્ધા ભારત" માં છપાયો હતો. મુસ્લિમોની તે દશ (૧૦) ભેટસોગાદોનું વર્ણન કર્યું છે. જે તેમણે ભારતને અર્પી હતી. તેમાની અમુક બાબતો પેહલાં વિગતે આવી ચૂકી છે. બાકીની નીચે પ્રમાણે છે.

☆ રાજકીય એકતા અને વેષભુષા તથા સાંસ્કૃતિક એકરૂપતા સવિશેષ ઉચ્ચ જ્ઞાતિઓમાં.

☆ સર્વસંમત સરકારી ભાષા અને લેખનકાર્યની સીધી સાદી રીત,જેની પ્રગતિમાં હિંદૂ–મુસ્લિમ બંને એ સરખો ભાગ ભજવ્યો.

☆ ભારતનો અન્ય દેશો સાથેનો ઘનિષ્ઠ સંબંધ અને વિદેશ નીતિ ની શરૂઆત.

☆ સેન્ટ્રલ ગવર્મેન્ટ ની દેખરેખ હેઠળ સ્થાનિક ભાષાઓની પ્રગતિ જેથી શાંતી અને સલામતીનું વાતાવરણ સર્જાય અને સંસ્કૃતિ અને સભ્યતાને વિકાસનો અવકાશ રહે.

☆દરિયાઈ માર્ગોએ ઈન્ટરનેશનલ વેપાર. તે પેહલાં ફકત દક્ષિણ ભારતનાં લોકો દરિયાઈ માર્ગે વેપાર કરતા હતા અને તે પણ એક મુદતથી સદંતર બંધ

થઈ ગયો હતો.

☆ ભારતનાં લશ્કરમાં જળસેના નો ઉમેરો.

**ઈસ્લામધર્મ રૂપી ઝળહરિત પ્રકાશ :**

એક ભારતીય ઈતિહાસકાર જનાબ એન.એસ.મેહતા આઈ.સી. એસ. **''ભારતીય સંસ્કૃતિ અને ઈસ્લામ''**ના શિર્ષક હેઠળ લખેલ લેખમાં ઈસ્લામની સેવાઓ અને બરકતોને આ રીતે ટાંકે છે. ઈસ્લામ ભારતમાં એક ઝળહરિત પ્રકાશ લઈને પ્રવેશ્યો,તેણે પ્રવેશતાવેંત પ્રાચીન સભ્યતાને જે નામ શેષ થઈ રહી હતી અને સમાજ જીવનનાં ઉચ્ચતમ્ અને પવિત્ર હેતુઓને જેનું માત્ર નામ બાકી રહી ગયું હતું, જીવતદાન આપ્યું. તેણે માનવ જીવન ઉપર છવાએલા અંધકારને પ્રકાશથી બદલી નાંખ્યો. અન્ય દેશોની જેમ ભારતમાં પણ ઈસ્લામે ધરતી કરતાં દિલો ઉપર વધારે રાજ કર્યું, કારણ તેનામાં દિલ જીતવાની ગજબની શકિત હતી. આજે પણ ઈસ્લામી જગત ઈસ્લામ ધર્મની સમાનતા,સદ્ભાવના અને ભાઈચારાની આવી તા'લીમનાં લઈ ને જ એક કુંટુંબનાં સભ્યની જેમ એકમેક થી સંકળાએલું છે.

આ સાથે એક બાબતની નોંધ લેવી ઘટે કે ભારતમાં સૈકાઓ સુધી ઈસ્લામનો ઈતિહાસ સત્તા સાથે સંકળાએલો રહયો હોવાથી ઈસ્લામ ધર્મની ઘણી બધી વિશેષતાઓ ઉપર પડદો પડી રહયો અને તેના સદ્ગુણો પૂરી રીતે લોકો સમક્ષ આવી ન શકયા.

ઉપરોકત ઐતિહાસિક ઘટનાઓથી એક પરિણામ તો ચોકકસ કાઢી શકાય કે મુસ્લિમોએ ભારતદેશ પાસેથી મેળવેલ લાભો કરતાં ભારતદેશને અર્પેલ લાભોનું પ્રમાણ અતિવિશેષ છે. કારણ મુસ્લિમોનું ભારતાગમન ભારતમાં એક એવા નવિન યુગનો પ્રારંભ હતો જેની ઉન્નતિ,પ્રગતિ,ખ્યાતિ અને વિકાસને ભારત દેશ કદિ ભૂલી નથી શકતો. વળી એક ભારત જ નહિ મુસ્લિમોનાં કોઈ પણ પ્રદેશનાં ઈતિહાસનો અભ્યાસ કરી લો, એક બાબતે દરેક ઠેકાણે સામ્યતા જોવા મળશે કે તેમણે મેળવેલ લાભો કરતાં અર્પેલ લાભો અતિવિશેષ હશે. અને કેમ ના હોય? કંઈક આપી છૂટવું સવિષેશ તૌ'હીદ ની અમુલ્ય ભેટ ધરવી એજ ઈસ્લામ ધર્મનો સંદેશ છે.

**અંતે :**

અંતે દેશબાંધવોને જયાં આવું કહેવાનું મન થઈ આવે છે કે ઉપકારનો

બદલો અપકાર નહીં પણ પ્રત્યુપકાર હોવો જોઈએ એજ સર્વધર્મની સમાન શીખ છે ત્યાં હિન્દુસ્તાની મુસલમાનોને પણ આટલી હૈયાધારણ આપવી બિલ્કુલ વાજબી ગણાય કે તમારે સંકુચિત માનસ રાખવાની,પોતાને બીજા નંબરનાં ભારતીય માનવાની, લઘુતાગ્રંથીથી પીડાવવાની,પોતાની ભારતીયતા વારંવાર સાબિત કરવાની અને ભારત દેશ પ્રત્યે વફાદારીનાં બિન જરૂરી પૂરાવા આપતા રહેવાની લેશમાત્ર જરૂરત નથી.

તમે આ દેશનાં ફકત પ્રથમ નાગરિક,આઝાદ શહેરી અને જૂના રહેવાસી જ નથી,મહાન ભારત દેશનાં આર્કિટેક પણ છે. જેનો વર્તમાન પ્લાન તમારો પોતાનો બનાવેલો છે. તમારા મહાન પૂર્વજોઓ ભારત દેશને પોતાની ઉત્તમ સેવાઓ પ્રદાન કરી છે. તેની ગરિમા માં વધારો કર્યો છે,તેની સભ્યતા અને સંસ્કૃતિને વિશાળતાભર્યું નવજીવન અર્પ્યુ છે. તેનામાં નૈતિક મુલ્યો અને ઉચ્ચતમ્ સંસ્કારોનું સિંચન કર્યુ છે. તેને નવો ઓપ આપી નવેસરથી શણગાર્યું છે. ભારતનાં ખૂણે ખૂણે અને ચારે દિશાએ મુસ્લિમોની સેવાવૃત્તિ, સમજ શકિત અને ભારતની શા'નમાં વધારો કરવાકાજે કરેલ નિઃસ્વાર્થ પ્રયાસોની યાદગારો છે. ભારતીય સમાજ જીવન અને ભારતીય સંસ્કૃતિનો એક એક ભાગ મુસ્લિમોનાં સાંસ્કૃતિક વારસાની સાક્ષી પૂરે છે. આવા બોલતા પુરાવા જોઈ ભારતની ધરતી ઉપર જેનાં પણ પગલાં પડશે અથવા ભારતીય ઈતિહાસનાં જે કોઈપણ પાનાં ઉઠલાવશે તેનાં મુખે અનાયાસે આ શબ્દો સરી પડશે.

**અભી ઈસ રાહ સે કોઈ ગયા હે.**
**કહે દેતી હે શૌખી નકશે પા કી.**

**''હિન્દુસ્તાની મુસલમાન''** માંથી

(લેખકઃ હઝ.મવ.સૈયદ અબુલ્ હસન અલી નદવી (રહ.)

# ભારતીય સંસ્કૃતિ ઉપર ઈસ્લામી એકતા અને સમાનતાનો પ્રભાવ

*મુફતી ફરીદ અહમદ કાવી*

ભારત દુનિયાની સૌથી પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા દેશોમાંથી એક છે. તેનો પોતાનો આગવો ઈતિહાસ છે. સાંસ્કૃતિક વારસો છે. પરંપરાઓ છે. અને વિષેશતાઓ છે. જેના થકી તે બીજા તે દેશો કરતાં વધુ સમૃધ્ધ અને સંપન્ન છે, જેમની પાસે આવી કોઈ વિશેષતા કે સંસ્કૃતિ નથી.

ભારતની આ અને એ સિવાય બીજી ઘણી ખૂબીઓ છે,જેના લઈ જુદી જુદી જાતિઓને ભારત પ્રત્યે ઘણું આકર્ષણ રહયું છે. તેમાંથી ઘણા અહીંયાં આવ્યા અને અહીંયાંના જ થઈને રહી પડયા. ભારતની પ્રજા અને સંસ્કૃતિની વિશાળતા કહો કે વિશેષતા; આ એક અતિ મહત્વની વાત છે કે તેમાં દરેકને પોતાનામાં સમાવી લેવાની અને પોતે પણ તેની સાથે હળીમળી જવાની અજીબ ખાસિયત છે.

આ કારણે જ જયારે અરબ મુસલમાનો ભારત પર ચડી આવ્યા તો ભારતીયોએ તેઓના હાથે હારવા છતાં,અને મુસલમાનોએ તેમના પર વિજય મેળવ્યો હોવા છતાં,બન્નેએ કદી પોતાની આ પરિસ્થિતિને યાદ કરી કદી જુદા થવાનું નામ નથી લીધું. મુસલમાનોએ ભારતને જ પોતાનું વતન અને ભારતીયોને જ પોતાના ભાઈ–બહેન બનાવી લીધાં,તો ભારતીયો પણ ઈસ્લામની આગવી ખૂબીઓથી પ્રભાવિત થઈ મુસલમાન થઈ ગયા,ત્યાં સુધી કે એમણે ઈસ્લામના પ્રચાર–પ્રસાર અને રક્ષા કાજે એવી સેવાઓ આપી કે પૂરા ઈસ્લામી વિશ્વને તેમની શકિતનો પરચો બતાવી દીધો. અને કુર્આન,હદીસ અને બીજી ઈસ્લામી વિદ્યાઓમાં એવા વિદ્વાનો પેદા થયા કે મૂળ અરબો કરતાં આ નવ મુસ્લિમો આગળ નીકળી ગયા.

એમ તો ભારતીયો અને અરબોના સંબંધો ઈસ્લામનાં ભારતાગમન પૂર્વે બંધાઈ ચૂકયા હતા. પરંતુ ઈસ્લામ પૂર્વેનાં બિન મુસ્લિમ અરબો અને મુસલમાન બની આવનારા અરબોમાં ઘણો ફેર હતો. ઈસ્લામ પૂર્વેનો કાળ અરબસ્તાન માટે અંધકારયુગ કહેવાય છે. તે દરમ્યાન તેઓ કોઈ

વિચારસરણી,ધર્મ,સંપ્રદાય કે માનવીય સંસ્કારોથી પરિચિત ન હતા. એનાથી વિપરીત ઈસ્લામ આવ્યા બાદ અરબોમાં ઘણું પરિવર્તન આવી ચુકયું હતું. ઈસ્લામે તેઓને ઉચ્ચ સંસ્કારોનાં શિક્ષણ સાથે એક એવી જીવનશૈલી આપી હતી,જેની દૂરગામી અસરોથી વિશ્વ આજ સુધી પ્રભાવિત છે.

આજ કારણે મુસલમાનો પણ જયારે ભારતમાં આવ્યા તો ભારત પાસે પોતાની આગવી જીવનશૈલી હોવા છતાં ઈસ્લામે તેને પણ પ્રભાવિત કરી.

સૌથી મહત્વની જે વસ્તુ ઈસ્લામ અને મુસલમાનોએ ભારતને આપી તે એકતા અને એકરૂપતા છે. સમાજ અને સમૂહના વિવિધ ક્ષેત્રે એકતા અને સમાનતા,આ એક એવી વસ્તુ હતી,જેને તે પૂર્વે ભારતે જોઈ જાણી ન હતી અને મુસલમાનોના આવ્યા બાદ લગભગ જીવનના દરેક ક્ષેત્રે એની પ્રભાવી અને પરિણામલક્ષી અસરો જોવા મળી.

ભારતીય જીવનના કયા–કયા ક્ષેત્રો ઉપર ઈસ્લામે કેવી કેવી અસરો છોડી એ જાણતાં પેહલાં આટલું જાણી લેવું જોઈએ કે તે સમયના ભારતનું સામાજીક માળખું ભેદભાવની વિચારધારા પર આધારિત હતું. મનુસ્મૃતિની વર્ણ વ્યવસ્થાએ માનવીને માનવીય સમાનતા હોવા છતાં એક બીજાથી ઘણો દૂર કરી દીધો હતો. બ્રાહ્મણ અને ક્ષત્રિય શ્રેષ્ઠતમ્ ગણાતા, પવિત્ર વેદનું પઠન ફકત તેઓ જ કરી શકે,મોક્ષ ફકત તેમને જ મળે,તેમના પર કોઈ વેરો નહિ, સઘળી વિદ્યાઓ પર એમનું જ પ્રભુત્વ વગેરે વગેરે. જયારે બીજી તરફ શૂદ્રો અને વૈશ્ય ગણાતા લોકો આ બધાથી વંચિત સમજવામાં– રાખવામાં આવતા. આ બન્નેથી નીચે વળી અન્ય ઘણી બધી જાતો એવી પણ હતી જેમને શહેરની હદમાં રહેવાની પણ પરવાનગી ન હતી.

સામાજિક માળખાની જેમ રાજકીય માળખું પણ અતિ વેરવિખેર હતું. આખો પ્રદેશ નાનાં રજવાડાંઓમાં વહેંચાયેલ હતો. કોઈ કેન્દ્ર કે આંતરિક સંકલન વિના દરેક પોતાની જગાએ સ્વતંત્ર. ઈતિહાસકારોના મત મુજબ આ બધામાં બે વસ્તુઓ અનિષ્ટોની જડ હતી. એક એ કે દરેક પ્રદેશનું વ્યવસ્થાકીય માળખું જુદું હતું. બીજી એ કે રાજા–મહારાજાઓ ને કાયદા–કાનૂનથી પર સમજી એમને ઉચ્ચતમ્ રાખવામાં આવતા. જેના પરિણામે વ્યવસ્થાકીય એકરૂપતાનું દૂર સુધી નામોનિશાન ન હતું. દરેક વિસ્તારનું તંત્ર જુદું, હોદાઓ જુદા,ચલણ જુદું, અને નિતિ–નિયમો પણ

જુદાં,એક પ્રદેશથી બીજા પ્રદેશમાં વેપાર અશકય,ખાસ કરી એટલા માટે પણ કે દરેક રાજા રજવાડાંઓ એક બીજાથી લડતા રહેતાં. મશ્હૂર ઈતિહાસકાર ‘‘અલબેરૂની''ના લખવા પ્રમાણે માહોંમાહેનો કુસંપ એટલી હદે વકરી ગયો હતો કે કોઈ બાહય આક્રમણનો પ્રતિકાર કરવા એક થવાના બદલે તેઓ એકબીજા ની હારમાં જ પોતાની જીત સમજતા.

ટુંકમાં ભારતવર્ષનો સંપૂર્ણ પ્રદેશ પ્રાદેશિક અને પજાકીય,બન્ને રીતે વિભાજિત હતો.

આવી પરિસ્થિતિમાં જયારે મુસલમાનોએ ભારતમાં પોતાની હુકૂમત સ્થાપી તો પરિવર્તનનું એક વાવાઝોડું ફુંકાય ગયું, અને એક નવી સામાજીક વ્યવસ્થા પોતાની પૂરી શકિત સાથે સામે આવી ગઈ. પરિણામે ભારતીય પરંપરાઓ અને જીવનશૈલીનું ભાગ્યે જ કોઈ પાસું એવું રહયું હશે જેના પર મુસલમાનોના સામાજિક અને ધાર્મિક વિચારોની છાપ ન પડી હોય.

વિવિધ ક્ષેત્રે ઈસ્લામ અને મુસલમાનોની એકતા અને સમાનતાએ ભારતને શું પ્રદાન કર્યું, તેના ઉપર હવે આપણે એક નજર કરીએ.

**(૧) શહેરો અને નગરોની નવી રચના :**

પહેલો પ્રભાવ ઈસ્લામી આચાર–વિચારનો નગરરચના– ગ્રામરચના પર પડયો. અત્યાર સુધીની રચના ભેદભાવ અને ઊંચનીચ ઉપર આધારિત હતી. જયારે હવે શહેરોના દરવાજા ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વિના દરેક માણસ માટે ખોલી દેવામાં આવ્યા. શહેર ફરતે કિલ્લાની દીવાલ હવે ભેદભાવનું પ્રતિક ન રહેતાં ફકત રક્ષણ માટે જ રહી ગઈ. હુકૂમત તરફથી જયારે દરેકને શહેરમાં રહેવાની પરવાનગી મળી તો વર્ષો જૂની વ્યવસ્થાના પાયા હચમચી ગયા. હવે શહેરમાં હિંદુ–મુસલમાન, આઝાદ ગુલામ,દરેકના મકાનો સાથે બનવા લાગ્યા.

આવું થવાનું મોટું કારણ એ છે કે નગરરચના ઈસ્લામી જીવનશૈલીનું એક અતિ મહત્વનું પાસું છે. શાહ વલિયુલ્લાહ દહેલ્વી (રહ.)ના લખવા મુજબ શહેરી જીવનનો મતલબ છે : ‘‘એક ખાસ પ્રકારનો સંબંધ અને આંતરિક સંકલન જે વિવિધ ખાનદાનો અને જમાઅતોના એક સાથે રહેવાથી પૈદા થાય.'' તેમના મત મુજબ માનવી વ્યકિતગત રીતે એક નાનો માણસ છે તો આખો સમાજ અતિવિશાળ હોવા છતાં એક મોટા માણસની જેમ છે.

સામુહિક જીવનની આ વ્યાખ્યા જેમાં સમાજના બધા જ વર્ગો એક શરીરના જુદા જુદા અવયવોની જેમ એક જ એકમમાં સમાવી લેવામાં આવ્યા હોય,એ મુસલમાનોની સામાજિક અને રચનાત્મક વિચારધારાની જ દેણ છે.

**(૨) ન્યાય વ્યવસ્થા :**

મુસલમાનોના આગમનથી પ્રભાવિત થનારી બીજી વસ્તુ એ અહીંયાંની ન્યાય વ્યવસ્થા હતી. મુસલમાનોની નજરે કાનૂન સામે બધા જ સરખા હતા,માટે ગુનાહોની સજા પણ બધા માટે જ સરખી હતી. આ કારણે ભેદભાવને અદાલતનું પીઠબળ મળવું બંધ થઈ ગયું.

એક હિંદુ અમીરે કાજીની અદાલતમાં દા'વો કર્યો કે સુલ્તાન મુહમ્મદ બિન તગલકે એના ભાઈને કોઈ પણ કારણ વિના મારી નાંખ્યો છે. મામલો અદાલતમાં જતાં સુલ્તાને હથિયાર વગર અદાલતમાં હાજર થવું પડયું. કાજીએ કેસની વિગત સાંભળી ચુકાદો આપ્યો કે બાદશાહ અમીરને મનાવી લીએ,નહિં તો બદલામાં બાદશાહને કત્લ કરી દેવામાં આવશે. છેવટે બાદશાહે જયારે તે હિંદુ અમીરને રાજી કરી લીધો ત્યારે જ કાજીએ બાદશાહને મુકત કર્યો.

ગુજરાતના રાજા અહમદ શાહના જમાઈ વિરૂધ્ધ કેસ થયો,મરનારના વારસો હત્યારા જમાઈને માલ લઈ સજાએ મૌત મા'ફ કરવા રાજી હોવા છતાં બાદશાહે હુકમ કર્યો કે લોકોની વચ્ચે જમાઈનું માથું ઉડાડી દેવામાં આવે. કયાંક એવું ન બને કે માલદારો માલના જોરે નાહક હત્યાઓ કરી માલ આપી છુટી જવાનો શિરસ્તો બનાવી લે.

અહીંયાં એક ચોખવટ કરી દેવી મુનાસિબ છે કે ઘણીવાર જયારે સલ્તનતના રાજકીય સ્વાર્થનો સવાલ ઉભો થતો તો હુકૂમત ઈસ્લામી કાનૂનથી ઉપરવટ જઈ આગવી કાર્યવાહી કરતી, માટે એ કાર્યવાહી પૂરતી હુકૂમતને ઈસ્લામની પ્રતિનિધિ ન સમજવામાં આવે તે જરૂરી છે. તદુંપરાંત આ બધું તે લોકો સાથે થતું જેઓ બાગી ગણાતા. એ સિવાય સામાન્ય માનવીઓની બાબતમાં તો હુકૂમત પૂરી રીતે ન્યાય અને સમાનતાના ધોરણો પર જ અમલ કરતી હતી.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના માજી પ્રમુખ પ્રોફેસર ખલીક અહમદ નિઝામી લખે છે કે મુગલ શાસનકાળ દરમ્યાન

લખાયેલ ફત્‌વા અને ઈસ્લામિક કાયદા– કાનૂનના પુસ્તકો જેમ કે ફતાવા ગિયાસિયહ, નિસાબુલ્એહ્‌તેસાબ, ફિક્‌હે ફીરોજશાહી,ફવાઈદે ફીરોઝશાહી, અને ફતાવા તાતારખાનિયહનો અભ્યાસ કરવામાં આવે તો અંદાજ આવી શકે છે કે સમાન ન્યાય કેટલી મોટી હદ સુધી મુસલમાનોનું મુખ્ય ધ્યેય હતું. અને તે પણ રાજકીય લાભ ખાતર નહિ,બલ્કે ધાર્મિક ઝિમ્મેદારી સમજી તેનું પાલન કરવામાં આવતું.

**(૩) રાજકીય એકતા :**

સમાનતા અને એકતાના ઝરણાં સમાન ઈસ્લામી વિચારધારાની ત્રીજી દેણ છે : રાજકીય એકતા. શહેરે–શહેરે અસ્તિત્વ ધરાવતાં રજવાડાંઓ ખતમ કરી એક અખંડ ભારતની સ્થાપના કરનારા અસલમાં મુસલમાનો હતા. મુસલમાનો આવ્યા બાદ આખા દેશમાં એક સરખી વ્યવસ્થા,ચલણ,કાયદો અને સમાન આર્થિક ધારા ધોરણો સ્થાપવામાં આવ્યા. એક શહેરથી બીજા શહેર જવા ઉપરના વેરા ખતમ કરી દેવામાં આવ્યા,જેના પ્રતાપે વેપારીઓને ઘણી સવલતો મળતી થઈ. પ્રોફેસર ખલીક અહમદ નિઝામી લખે છે કે ઈતિહાસકાર આર્નલ્ડના લખવા મુજબ : ભારતથી લઈ બગદાદની ઈસ્લામી હુકૂમતના દૂર દૂરના વિસ્તારો સુધી સમાન વ્યવસ્થા પ્રમાણે સફર કરી શકાતો.

**(૪) સૈન્ય વ્યવસ્થા :**

રજપૂત સૈન્ય વ્યવસ્થાની બે વિશેષતાઓ હતી. એક એ કે લડવાનું કામ ફકત એક જ્ઞાતિના લોકો પૂરતું જ સિમિત હતું. તેમના સિવાય અન્ય જ્ઞાતિના લોકોને સૈન્યમાં ભરતી કરવામાં આવતા ન હતા. બીજી એ કે રાજાનું એક મોટું લશ્કર હોવાને બદલે જાગીરદારો પાસે જરૂરત પ્રમાણેનાં લશ્કરો રહેતાં. અને જરૂરત પડયે આજ ટુકડીઓ બાદશાહને પૂરી પાડવામાં આવતી.

મુસલમાનોએ આ પરંપરા તોડી અને સૈન્યમાં ભરતી થવા માટેની ફકત એક જ શર્ત; શારીરિક સમર્થતા નકકી કરવામાં આવી. એવી જ રીતે સલ્તનતનાં એક કેન્દ્રીય લશ્કરનું ગઠન કરવામાં આવ્યું. વિવિધ જગાએથી કામચલાઉ ભેગા કરવામાં આવેલા પાંચ–પચાસ જવાનો કોઈ પ્રકારે જીતની બાંહેધરી ન આપી શકે એ સ્પષ્ટ વાત છે.

પ્રોફેસર ખલીક અહમદ નિઝામી સર જાદૂનાથ સરકારના એક પુસ્તકથી

એચ.એલ. ફીશરનો મત વર્ણવતા લખે છે કે મુસલમાન સૈન્યની સફળતાના ત્રણ મુખ્ય કારણો હતાં.

(૧) સંપૂર્ણ સમાનતા અને એકતા તેમજ ધાર્મિક અને કાનૂની હકોની સમાનતાએ વિવિધ કબીલાઓ અને વ્યકિતઓને એક જ કબીલો બનાવી દીધો હતો. (૨) અલ્લાહના ફૈંસલા અને તકદીર ઉપર પૂરો ભરોસો. (૩) દારૂ અને નશો નિષેધ.

**(૫) સરકારી ભાષા :**

મુસલમાનોના આગમનથી અસર પામનારી વસ્તુઓમાં એક સરકારી ભાષા પણ હતી. અમીર ખુસરો લખે છે કે ભારતમાં દર સો માઈલે ભાષા બદલાય જાય છે. પરંતુ ફારસી ચાર હજાર માઈલ સુધી એક જ પ્રકારે બોલાય છે. તેમના જ કહેવા મુજબ હવે (તે સમયે) ભારતમાં સિંધુ નદીથી લઈ દરિયાના કિનારા સુધી એક જ ભાષા (ફારસી) પ્રચલિત છે.

દરેક ખૂણે જુદી ભાષા, અને સમાન ભાષાનું દૂર સુધી નિશાન નહિ,એવા ભારતમાં મુસલમાનોના પ્રભાવ હેઠળ પૂરા દેશમાં ફારસી પ્રચલિત થઈ ગઈ,અને લગભગ ૮૦૦ વર્ષ સુધી દરેક ક્ષેત્રે,સરકારી કાર્યવાહીમાં, અદાલતોમાં,કારોબાર–વેપારમાં અને જ્ઞાન–સાહિત્યના ક્ષેત્રે પણ ફારસીનું ચલણ રહયું.

અંગ્રેજો આવ્યા બાદ ફારસીનું સ્થાન અંગ્રેજીએ લીધું અને અંગ્રેજો ચાલ્યા ગયા, છતાં અંગ્રેજી હજુ ગઈ નથી. વળી હિંદી રાષ્ટ્રીય ભાષા હોવા છતાં આખા ભારતમાં પ્રચલિત કે દરેક રાજયની સરકારી ભાષા થઈ શકી નથી. ૮૦૦ વર્ષના મુસ્લિમ શાસનને ભાંડનારાઓએ તેની ખૂબીઓથી ઘણું શીખવા જેવું છે. રાષ્ટ્રીય એકતા અને ભાવનાની વાત ઘણાં જોરશોરથી કરવામાં આવે છે,પરંતુ તે માટે જરૂરી સાચા ઉપાય અપનાવવાના બદલે આવા લોકો કોઈ બીજી જ દુન્યામાં રાચતા હોય એવું લાગે છે.

**(૬) ધાર્મિક શિક્ષણ અને પૂજા–ઈબાદતની દરેકને છૂટ :**

કોઈ માણસને ધાર્મિક શિક્ષણથી વંચિત રાખવો,ઈસ્લામના બુનિયાદી સિધ્ધાંતોથી બિલ્કુલ વિપરિત વાત હતી આ સંબંધી મુસલમાનોને ત્યાં ત્રણ વાતોની સ્પષ્ટ તા'લીમ હતી. (૧) ધાર્મિક શિક્ષણ દરેક માટે છે. (૨) અલ્લાહ સુધી દરેક પહોંચી શકે છે,કારણ કે તે પ્રત્યેક માણસથી અતિ નિકટ છે. (૩)

ઈબાદત વ્યકિતગત ક્રિયા હોવાની સાથે સામુહિક હેસિયતથી સમાનતા અને ભાઈચારાનું પણ પ્રતિક છે. માટે જ મુસલમાનોની મસ્જીદોમાં આ ત્રણેવ વસ્તુઓ સ્પષ્ટપણે જોઈ શકાય છે. ઈસ્લામ પૂર્વેના મંદિરોમાં ફકત એક જ માણસ માટે પૂજાપાઠની વ્યવસ્થા હોતી,કારણ કે હિંદુ ધર્મમાં પૂજા એક વ્યકિતગત ક્રિયા સમજવામાં આવતી. પરંતુ ઈસ્લામના પ્રભાવે મંદિરોના ગર્ભગૃહો વિશાળ થઈ ગયા અને ધીરે ધીરે સામુહિક આરાધના–ઈબાદતની ભાવના પ્રચલિત થઈ.

પ્રોફેસર ખલીક અહમદ નિઝામી નોંધે છે કે ભારતીય ઈતિહાસકાર ડોકટર તારાચંદે હિંદુ મંદિરોનો અભ્યાસ કરી આ પરંપરાને ઈસ્લામી સંસ્કૃતિનો પ્રભાવ ગણાવી છે.

**(૭) શિક્ષણનો પ્રચાર–પ્રસાર :**

શિક્ષણના દરવાજા દરેક માટે ખોલવા અને જ્ઞાન–વિદ્યાના પ્રચાર–પ્રસારમાટેની મુસલમાનો ની કોશીશોને નજરઅંદાજ ન કરી શકાય. ભારતમાં વિશેષરૂપે સૂફીઓએ અજ્ઞાનતા દૂર કરવાના સારા પ્રયત્નો કર્યા. ઈસ્લામી સમાજમાં જ્ઞાનના પ્રચાર–પ્રસારનું કામ મસ્જીદો, મદરસાઓ અને ખાનકાહોએ અંજામ આપ્યું.

કુર્આન મુસલમાનોનું સૌથી મહત્વનું ધાર્મિક પુસ્તક અને અલ્લાહનું કલામ હોવા છતાં દરેક માટે તેનું પઠન કરવાની, તેને સમજવાની અને શકિત હોય તો કંઠસ્થ કરવાની પણ છૂટ હતી. જયારે કે હિંદુઓમાં ધાર્મિક પુસ્તકો વિશેષરૂપે દેવવાણી ગણાતા,વેદોનું પઠન તો શું ? તેનો અવાજ પણ એક સિમિત વર્ગને જ સાંભળવો નસીબ થતો.

આમ પૂરા સમાજના સાક્ષર હોવાનું લક્ષ્ય એ સંપૂર્ણપણે ઈસ્લામી વિચાર ધારાનું જ પ્રતિબિંબ છે.

**(૮) કારીગરોનું સન્માન :**

સમાજને અતિ ઉપયોગી ગણાતા નાના કારીગરો, જેઓ લોકો માટે મહત્વની સેવા બજાવતા હોય છે; જેમ કે માછીમાર,લુહાર, હાળી,માળી,ઘાંચી,કઠિયાળો વગેરેનું સ્થાન પણ તે સમયના સમાજમાં ઘણું નીચું ગણાતું. ઉચ્ચવર્ણના લોકોની વસાહતની આજુબાજુ કે તેમનાથી ખભેખભે મિલાવી રહેવા સહેવાનું તેમના માટે અશકય હતું. મુસલમાનોએ

આવી આ ભેદભાવ ખતમ કરી દરેકને સન્માનથી નવાઝયા. ત્યાં સુધી કે તેમાંથી જો કોઈએ ઈસ્લામ કબૂલ કરી ઈસ્લામી વિદ્યામાં નિપુણતા મેળવી તો તેને તેની વિદ્વાનતા પ્રમાણે સમાજમાં સ્થાન આપવામાં આવ્યું. વિશેષ કરી સૂફી–સંતોએ આ વર્ગોથી માનવતાની બુનિયાદ પર સારા સંબંધો વિકસાવ્યા, જેના લઈ પ્રત્યેક વ્યકિતને પોતાનું વ્યકિતત્વ વિકસાવવાનો અને પોતાના અસ્તિત્વનો આસ્વાદ માણવાનો અવસર મળ્યો. પરિણામે તેમનામાં એક પરિવર્તન આવ્યું.

વિવિધ ક્ષેત્રે ઈસ્લામના પ્રભાવની આ એક આછી ઝાંખી છે. બાકી આ એક અતિ લાંબો વિષય છે અને આટલી વાતમાં શંકાને કોઈ સ્થાન નથી કે ૧૪૦૦ વર્ષના સંબંધો પોતાની અસર છોડયા વિના ન રહે.

અહિંયા પહોંચી હવે '**બિરાદરાને મઝહબ**'"મુસ્લિમો" અને બિરાદરાને વતન "બિન મુસ્લિમો" થી એક એક વાત કહી આ કહાણી ખતમ કરૂં છું.

બિરાદરાને મઝહબ (મુસલમાન ભાઈઓ) થી કેહવાનું કે ૧૪૦૦ વર્ષના લાંબા ઈતિહાસનો અભ્યાસ કરતાં જણાય છે કે મુસલમાનોએ અહીંયાં આવી પોતાના ધાર્મિક સંસ્કારો અને તેના આચરણ દ્વારા અહિંયાના સ્થાનિક સમાજમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અને ભારતીય બની ભારતથી મહોબ્બત રાખવાની સાથે પોતાની આગવી ધાર્મિક ઓળખ બાકી રાખી છે અને તેને સાચવવાના પણ પૂરતા પ્રયત્નો કર્યા છે. માટે એટલું યાદ રાખવું જોઈએ કે ઉચ્ચ ધાર્મિક સંસ્કારોનું આચરણ અને પોતાની આગવી ધાર્મિક ઓળખ એ બન્ને વસ્તુઓ અહિંયા તેઓના સંમાનનીય અસ્તિત્વનાં બે પાયા છે. જે કદી કમજોર ન થવા જોઈએ.

બિરાદરાને વતન (ગેર મુસ્લિમ ભાઈઓ) થી કહેવાનું કે બે સમાન અસ્તિત્વ ધરાવતી કોમો, એક જ દેશ અને વિસ્તારમાં રહેવા અને જીવનના દરેક ક્ષેત્રે સરખી ભાગીદાર હોવાની સાથે એક બીજાની દુશ્મન બની રહે એ ખોટી થિયરી છે. કોઈ કોમની આગવી ઓળખ બીજા માટે ખતરારૂપ નથી હોઈ શકતી. ૧૪૦૦ વર્ષનો મુસલમાનોને ભારત સાથેનો સંબંધ આ દા'વાનો મોટો પુરાવો છે. માટે સહ્ અસ્તિત્વનો સ્વીકાર એ જ બન્નેની મોટી ઝિમ્મેદારી છે.

૧૪૦૦ વર્ષ સુધી એકનું અસ્તિત્વ બીજા માટે ખતરારૂપ નથી બન્યું તો પછી મુસલમાનોએ એવું વિચારવાની હરગિઝ જરૂરત નથી કે કોઈ પરધર્મી આપણા માટે ખતરારૂપ છે. અને હિંદુ ભાઈઓ પણ એવું ના વિચારે એ જ ઈચ્છનીય છે, કે મુસલમાનો નું અસ્તિત્વ દેશ માટે કોઈ ખતરાની વસ્તુ છે. આખરે બન્ને ભારતના રહેવાસી અને ભારતમાં જ મરનારા છે. જયારે જન્મભુમિ એક,કર્મભુમિ એક,મરણભુમિ એક તો જીવનમાં વિખવાદ શા માટે ? અલ્લાહ સૌને સદ્‌બુધ્ધિ અર્પે. આમીન......

*(પ્રોફેસર ખલીક અહમદ નિઝામીના પુસ્તક ''ઈસ્લામી ફિકર વ તહઝીબ કા અસર હિંદુસ્તાન પર'' ના આધારે.)*